નૂતન વર્ષાભિનંદન

સનાતન ધર્મ પત્રિકા પરિવાર

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના સમગ્ર સમાજજનોને નુતન વર્ષ ૨૦૭૯ની મંગલમય શુભેચ્છાઓ પાઠવે છે.

॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૯ ● કાર્તિક સુદ - ૧ ● તા. ૨૫-૧૦-૨૦૨૨ ● મંગળવાર SDP NO: 916 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

અમાસ પણ જ્યારે અજવાળી બને

અમાસની રાત અંધારી હોય, પણ દિવાળીની રાત અમાસ હોવા છતાં અજવાળી હોય! અને વળી તે પ્રકાશનું પર્વ બની રહે, આવું સુંદર સંયોજન તો હિન્દુ ધર્મમાં જ મળે, હોં!

ચંદ્ર આધારિત કાળગણના ભલે વિક્રમ રાજાના રાજ્યાભિષેક સાથે હાલ વણાયેલી છે, પણ વાસ્તવમાં તે વેદકાલિન, કે તેથી પણ જુની છે. માત્ર જુની કાળગણનાને નવું નામ અપાયું, વિક્રમાદિત્ય પરથી. જેમ મહાભારત કરતા પણ જુની સૂર્ય આધારિત કાળગણનાને યુરોપમાં ઈસ્વીસનનું નવું નામ અપાયું, તે રીતે!

અમાસ એટલે અમાવસ્યા. આ નામ કેવી રીતે પડ્યું? અમાવસુ નામના ઋષિ હતા. તેમણે વિષ્ણુ ભગવાનનું તપ કર્યુ. ભગવાન પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે દરેક મહિનાનો છેલ્લો દિવસ તારા નામથી અમાવસ્યા તરીકે ઓળખાશે.

ઋષિ કહે કે પ્રભુ, એ રાત્રે અંધકાર હોય છે. મને આવી રાત સાથે જોડશો?

પ્રભુએ કહ્યું, વર્ષની છેલ્લી અમાવસ્યાએ સમસ્ત પ્રજા દિપ પ્રગટાવશે, અને તે પ્રકાશનું પર્વ બનશે.

ત્યારથી દિવાળીની શરૂઆત થઈ. પછી તે દિવસે શ્રી રામ અયોધ્યા પધાર્યા, એ દિવસે વિક્રમાદિત્યનો રાજ્યાભિષેક થયો. આથી દિવાળીનો દિવસ વધુ યાદગાર બની ગયો.

ગમી ને આ વાત?

તો ખુશ રહો, આનંદમાં રહો, આપનું જીવન સુખ અને આનદથી તરબતર બની રહે તેવી પ્રાર્થના.

નૂતન વર્ષની આપ સહું સનાતની કચ્છ કડવા પાટીદાર સમાજ ના જ્ઞાતિ બંધુ ને યશસ્વી વર્ષ સાથે સનાતની શતાબ્દી મહોત્સવની શુભેચ્છા.

પ્રમુખશ્રી,
અબજીભાઈ કાનાણી.

અલવિદા વીર સંવત ૨૦૭૮

અલવિદા વીર સંવત ૨૦૭૮
આવી જા વીર સંવત ૨૦૭૯
દરવાજો ખુલ્લો જ છે
અંદર આવ..
પણ જરા થોભી જા

બારસાખ નજીક રાખેલાં પગલુછણીયે તારો અહમ
ખંખેરતો આવજે..
મધુમાલતી વીંટળાયેલી છે છજ્જે
ત્યાં નારાજગી વીંટાળી આવજે..
તુલસીનાં ક્યારે મનની અતૃપ્તિ ચઢાવી આવજે..
પોતાની વ્યસ્તતા ને બહાર ખીંટીએ ટાંગી આવજે..
પગરખાં સંગ નકારાત્મકતા ઉતારી આવજે..
ને
બહાર રમતાં બાળકો પાસેથી થોડું નટખટપણું
માંગી લાવજે..
પેલાં ગુલાબનાં છોડ પર હાસ્ય ખીલ્યું છે એ તોડીને
પહેરી આવજે..
લાવ, પોતાની મૂંઝવણો મને પકડાવી દે
તારાં થાક ઉપર મનામણાનો વિંઝણે ઝુલાવી દઉં..
જોને તારાં માટે સાંજ બિછાવી દીધી છે અને
સૂરજને ક્ષિતિજે બાંધ્યો છે
આકાશે લાલીમા છાંટી છે..
પ્રેમ ને વિશ્વાસનાં ધીમા તાપે ચાક ચઢાવી છે તેને
ઘુંટડે-ઘુંટડે માણજે..

સાંભળને..વેલકમ વીર સંવત ૨૦૭૯

નૂતન વર્ષનાં આગમને સહુને આત્મીય સાથે સનાતની શતાબ્દી મહોત્સવનાં આ વર્ષનાં આગમને શુભેચ્છા. અને અભિનંદન.

જય શ્રી રામ
મહામંત્રી,
પરસોતમભાઈ ભગત

संत ज्ञानेश्वर पुण्यतिथी



25 अक्टूबर पुण्य-तिथि

संत ज्ञानेश्वर का जन्म ई. सन् 1275 में भाद्रपद मास की कृष्ण पक्ष की अष्टमी तिथि को महाराष्ट्र के अहमदनगर जिले में पैठण के पास आपेगांव में हुआ था। उनके पिता का नाम विट्ठल पंत एवं माता रुक्मिणी बाई थीं।

बहुत छोटी आयु में ज्ञानेश्वर जी को जाति से बहिष्कृत होने के कारण नानाविध संकटों का सामना करना पड़ा। उनके पास रहने को ठीक से झोपड़ी भी नहीं थी। संन्यासी के बच्चे कहकर सारे संसार ने उनका तिरस्कार किया। लोगों ने उन्हें सर्वविध कष्ट दिए, पर उन्होंने अखिल जगत पर अमृत सिंचन किया। वर्षानुवर्ष ये बाल भागीरथ कठोर तपस्या करते रहे। उनकी साहित्य गंगा से राख होकर पड़े हुए सागर पुत्रों और तत्कालीन समाज बांधवों का उद्धार हुआ। भावार्थ दीपिका की ज्योति जलाई। वह ज्योति ऐसी अद्भुत है कि उनकी आंच किसी को नहीं लगती, प्रकाश सबको मिलता है।

ज्ञानेश्वर जी के प्रचंड साहित्य में कहीं भी, किसी के विरुद्ध परिवाद नहीं है। क्रोध, रोष, ईर्ष्या, मत्सर का कहीं लेशमात्र भी नहीं है। समग्र ज्ञानेश्वरी क्षमाशीलता का विराट प्रवचन है। इस विषय में ज्ञानेश्वर जी की छोटी बहन मुक्ताबाई का ही अधिकार बड़ा है।

ऐसी किंवदंती है कि एक बार किसी नटखट व्यक्ति ने ज्ञानेश्वर जी का अपमान कर दिया। उन्हें बहुत दुख हुआ और वे कक्ष में द्वार बंद करके बैठ गए। जब उन्होंने द्वार खोलने से मना किया, तब मुक्ताबाई ने उनसे जो विनती की वह मराठी साहित्य में ताटीचे अभंग (द्वार के अभंग) के नाम से अतिविख्यात है।

मुक्ताबाई उनसे कहती हैं- हे ज्ञानेश्वर! मुझ पर दया करो और द्वार खोलो। जिसे संत बनना है, उसे संसार की बातें सहन करनी पड़ेंगी। तभी श्रेष्ठता आती है, जब अभिमान दूर हो जाता है। जहां दया वास करती है वहीं बड़प्पन आता है। आप तो मानव मात्र में ब्रह्मा देखते हैं, तो फिर क्रोध किससे करेंगे? ऐसी समदृष्टि कीजिए और द्वार खोलिए।

यदि संसार आग बन जाए तो संत मुख से जल की वर्षा होनी चाहिए। ऐसे पवित्र अंतःकरण का योगी समस्त जनों के अपराध सहन करता है। ऐसे महान संत ज्ञानेश्वर जी ने मात्र 21 वर्ष की उम्र में संसार का परित्याग कर 25 अक्टूबर 1296 में समाधि ग्रहण की।

સુર્યગ્રહણ અને ભારતનું પંચાંગ.... ગ્રહણ સંબંધીત ભારતની પરંપરાઓ

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ

ભારતનું ગણિત અને પંચાંગ આજના યુગમાં પણ સૌથી ઉત્તમ અને સૌથી પ્રાચીન છે તે વાત નકારી ના શકાય!! હજારો વર્ષો પહેલા એટલે રામયુગથી પણ પહેલા ગ્રહણ વિશે ખૂબ વિગતે વાતો થયેલી છે અને એટલુંજ નહિ ભારતના ઋષિપુરુષોએ ગ્રહણના ફાયદા-ગેરફાયદાઓની પણ વાત કરી છે. એટલુંજ નહિ પણ ભારતીય નિષ્ણાત ગણિતશાસ્ત્રીઓ એ હજારો વર્ષ પછી પણ સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ ક્યારે અને પૃથ્વી ઉપર ક્યાં ક્યાં સ્થળોએ ક્યા ચોક્કસ સમયે જોવા મળશે તેની સચોટ માહિતી ભારતીય પંચાંગ ઉપરથી કહી દીધી છે!! ભારતના પંચાંગના તોલે ખગોળશાસ્ત્રનું કોઈપણ દેશનું વિજ્ઞાન વામણું સાબિત થાય એવું કહી શકાય...

આમ તો છેલ્લા ૫૦૦ -૧૦૦૦ વર્ષ બાદ કરીએ તો ભારતમાં શિક્ષણ વ્યવસ્થા એટલી મજબૂત હતી કે જીવનને સ્પર્શતા તમામ વિષયોનો તોડ કે ઉકેલ શાસ્ત્રોમાં હતો તેટલો આજના કોઈપણ દેશના વિજ્ઞાન પાસે નથી તેવું છાતી ઠોકીને કહી શકાય...

"સૂર્યગ્રહણ હોય કે ચંદ્રગ્રહણ હોય ત્યારે તેની આડઅસર સમગ્ર સૃષ્ટિ ના તમામ જીવો ઉપર પડતી હોય છે તેવું પ્રાચીન ભારતના પ્રોફેસરો કે જેઓ "ઋષિમુનિ" તરીકે ઓળખાતા તેઓનું માનવું છે જે હવે આજનું વિજ્ઞાન થોડુંક થોડુંક સ્વીકારતું થયું છે!!"

સૃષ્ટિ ઉપર ખગોળના તમામ ગ્રહો, તારા, નક્ષત્રનું સીધુ કે આડકતરી રીતે જોડાણ અવશ્ય છે. તેમાં "સૂર્ય" અને "ચંદ્ર" નો વિશેષ પ્રભાવ પૃથ્વી ઉપર પડતો હોય છે.

"સૂર્ય" તો શક્તિનો પ્રમુખ સ્રોત છે.... "સૂર્ય" વગર જીવસૃષ્ટિ શક્ય જ નથી... સૂર્ય અને ચંદ્ર કાયમ તમામ જીવોને સતત ઊર્જા પ્રદાન કરતા રહે છે!!એટલેજ આપણા ઋષિમુનિઓએ સૂર્ય અને ચંદ્ર ને "દેવ" નું સ્થાન આપ્યું છે...

એટલે જ્યારે જ્યારે ઊર્જા આપનાર આ બન્ને ગ્રહોને ગ્રહણ લાગુ પડે તો તેની અસર જીવસૃષ્ટિ ઉપર અવશ્ય પડે જ તે આપણે સ્વીકારવું રહ્યું!! સૂર્ય અને પૃથ્વી વચ્ચે ભ્રમણ કરતો ચંદ્ર વચ્ચે આવે ત્યારે કેટલોક સમય પૃથ્વી ઉપરના સીધી લિટીમાં આવતા પ્રદેશો ઉપર સૂર્યના કિરણો પહોંચતા નથી અને પૃથ્વી ઉપરથી સૂર્ય ખંડિત થયોલો દેખાય છે જેને આપણે ગ્રહણ કહીએ છીએ...



સૂર્યગ્રહણના સમયગાળામાં જે તે પ્રદેશમાં ગ્રહણ થયેલી દશામાં સૂર્ય હોય છે ત્યારે સૂર્યનો પૂર્ણ પ્રકાશ પૃથ્વી ઉપર ના પહોંચવાને લીધે સૂર્ય તરફથી પ્રાપ્ત થતી શક્તિ અને ઉર્જામાં વિક્ષેપ પડે છે જેની આડઅસર વર્તાય છે... સૂર્યના કેન્દ્ર બિન્દુથી તેની સપાટી સુધી સૂર્યમાંથી અલગ અલગ પ્રકારની ઊર્જા આપનાર અલગ અલગ ફ્રિકવનસીના કિરણો નીકળતા હોય છે.

આ કિરણો તમામ વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિને અસર કરે છે. તો પછી મનુષ્ય જીવ પણ તેની ગ્રહણ વખતની આડ અસરથી કેમ બચી શકે??

સૂર્યની અલગ અલગ ફ્રિકવનસીના કિરણો મનુષ્યના ચેતાતંત્ર, કંકાલતંત્ર, પાચનતંત્ર, સ્નાયુતંત્ર જેવા તમામ તંત્રોને ઊર્જા આપતા હોય છે જે ગ્રહણના સમયગાળા દરમ્યાન કોઈક ને કોઈક કિરણો રસ્તામાં ચંદ્રની સપાટી ઉપર રોકાઈ જાય છે જેથી ગ્રહણના જે બે-ચાર કલાકના સમય દરમ્યાન મનુષ્યના શરીર ઉપર કેટલીકવાર ગંભીર અસર કે ખોટ આપનાર સાબિત થઈ શકે છે!!

દરેક ગ્રહણ વખતે જુદી જુદી આડઅસર હોઈ શકે છે કારણકે માનવશરીરના ક્યા અંગ કે તંત્રને જરૂરી છે તે કિરણો નથી મળી રહ્યા તેવું સ્પષ્ટ અને સચોટ કારણ આજનું વિજ્ઞાન પણ જાણી શક્યું નથી.

આપણે માનીએ કે ના માનીએ તે અલગ વાત છે પણ ગ્રહણ જીવસૃષ્ટિ ઉપર નબળી અસર આપી શકે છે એટલે આપણા ઋષિ મુનિઓએ ગ્રહણ દરમ્યાન રોજબરોજની પ્રવૃતિઓ ઉપર કડક નિયંત્રણ લાદયુ અને કોરોના બીમારી વખતે જેવી રીતે ચુસ્ત બનીને ઘર પકડીને બેસી રહેવા અને ઘર બહાર ન નીકળતા તેવી રીતનું નિયંત્રણ ગ્રહણ સમયે પણ કહ્યું છે!!

રમેશભાઈ ચોપડા દ્વારા સુર્યગ્રહણનો નજારો એમના ઘરના ટાવરમાંથી એમણે બનાવેલ ટાવર વચ્ચેથી

આજની ભાષામાં કહું તો ગ્રહણ દરમ્યાનનો કડક કરફ્યુ છે તેવું માનવું જોઈએ જેથી હાનિકારક સૂર્ય કે ચંદ્રના કિરણોના શરીર સપર્સને ટાળી શકાય.

સૂર્યગ્રહણ અમાસના દિવસે અને ચંદ્રગ્રહણ પૂનમની રાત્રે જોવા મળે છે અને આ બંને દિવસોનું હિંદુઓ માટે આધ્યાત્મિક મહત્વ છે એટલે સ્વાભાવિક જે તે મંદિરોમાં લોકોની ભીડ જોવા મળતી હોય એટલે કડક કરફ્યુનો અમલ કરતા મંદિરોને પણ બંધ રાખવા તેવું શાસ્ત્રોક્ત સૂચન છે એટલે કે ગ્રહણ દરમ્યાન ઘરની બહાર જ ના નીકળવું એટલે સૂર્ય કે ચંદ્રના કિરણો શરીર ઉપર પડવાનો સવાલ જ ના રહે!!

ગર્ભવતી મહિલાઓના ગર્ભ ઉપર પણ આ વિકૃત કિરણોની આડઅસર થવાની સંભાવના હોવાથી આવી મહિલાઓને કડક રીતે ખાસ નિષેધ કરવામાં આવ્યો છે...

આવી ગ્રહણ સંબંધી અનેક માન્યતાઓ શાસ્ત્રોક્ત એટલે કે વૈજ્ઞાનિક રીતે કરવામાં આવી છે. છેને એડવાન્સ આજના વિકસિત વિજ્ઞાન કરતા આપણા ઋષિમુનિઓનું વિજ્ઞાન???!!?? વિનોદ ભાવાણી

... શ્રદ્ધાંજલિ ...

સ્વઃ કાન્તાબેન તેજાલાલભાઈ છાભૈયા
કચ્છ- કોટડા (જ.) હાલે - મહેસાણા
સ્વ. તારીખ- ૨૪/૧૦/૨૦૨૨ સોમવાર

ભગવાન તેમની આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના

- : સ્થળ : -
અ/૧૧, રાધે કુંજ બંગ્લોઝ
મહેસાણા

- : સંપર્ક : -
દેવશીભાઈ : ૯૮૨૫૨૪૩૬૭૯
વેલજીભાઈ : ૯૮૨૪૧૪૩૬૫૭
માવજીભાઈ : ૭૩૫૯૯૫૪૦૦૦
અંબાલાલભાઈ : ૯૮૨૫૨૪૩૬૬૯
વિનોદભાઈ : ૯૯૦૯૦૧૨૫૬૧
ઈશ્વરભાઈ : ૯૯૦૯૦૧૨૫૬૨

દેવશીભાઈ, વેલજીભાઈ, માવજીભાઈ, અંબાલાલભાઈ, વિનોદભાઈ, ઈશ્વરભાઈ, પાર્વતીબેન તથા નર્મદાબેન ના માતાશ્રી સ્વઃ તેજાલાલ લખમશીભાઈ છાભૈયાના ધર્મપત્ની

- : ફર્મ : -
શ્રી જલારામ પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીઝ,
શ્રી ઉમિયા પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીઝ,
પાર્થ ડેકોર પ્રાઈવેટ લિમિટેડ,
સીએસ્ટા લેમિનેટ્સ પ્રાઈવેટ લિમિટેડ મહેસાણા
મારૂતિ ઈન્ડસ્ટ્રીઝ, તારાપુર આણંદ

અમદાવાદ ઝોન સમાજ સમુહ લગ્ન સમિતીની સભા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અમદાવાદ ઝોન દ્વારા ગત મંગળવાર તા. ૨૫-૧૦-૨૦૨૨ ના રોજ સવારના ૯:૦૦ કલાકે અમદાવાદ ઝોન સમુહ લગ્ન સમિતિની મીટીંગ ગુજરાત ટિમ્બર મરચન્ટ ફેડરેશન ની ઓફિસે ઝોન પ્રમુખશ્રી આર. એન. પટેલ સાહેબે અને સમુહ લગ્ન સમિતિ ના પ્રમુખશ્રી નરસિંહભાઈ સાંખલા ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી.

આ મીટિંગ ની શરૂઆત સમુહ લગ્ન સમિતિ ના મંત્રી જયંતીભાઈ પોકારે સ્થાન ગ્રહણ કરાવી ત્યાર બાદ સમુહ પ્રાથના કરી કરેલ.

આ મીટિંગ નું આયોજન ખાસ તો આગામી સમુહ લગ્ન તારીખ ૪-૫-૬ નવેમ્બર ૨૦૨૨ ના અગિયાર (૧૧) માં સમુહ લગ્ન દશાબ્દી મહોત્સવ તરીકે ઉજવવા માટે દરેક સમિતી ના કાર્ય ની વહેચણી તેમજ ગયા દસ સમુહ લગ્નમાં સભ્યએ કોઈપણ સમીતી માં કામ કરેલ હોય તેમને ડ્રેસ કોડ ની વેચણી માટે તેમજ આ વખત ના દશાબ્દી મહોત્સવ તરીકે ઉજવવા માટે ની તૈયારી માટે યોજવામાં આવી હતી.

આ મિટીંગમાં અમદાવાદ ઝોન ના હોદેદારો, સમુહ લગ્ન સમિતિ ના હોદેદારો, ઝોન અંતર્ગત ૧૬ ઘટક સમાજ ના પ્રમુખ/મંત્રીઓ, સમુહ લગ્ન ની દરેક સમિતિ ના કન્વિનરો / સહ કન્વિનરો તેમજ મહાત્મા ગાંધી રીજીયન ના ચેરમેન ચંદ્રેશભાઈ ચોહાણ તેમની પુરી ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

અને છેલ્લે આભાર વિધિ સમુહ લગ્ન સમિતિ ના મંત્રી તુલસીભાઈ ભગત એ કરેલ. ત્યાર બાદ રાષ્ટ્ર ગીત ગાઈ ભોજન લઈ છુટા પડ્યા.

સંયોજક : મનસુખ પોકાર

નિર્ભયતા કાજે કાળી રાત્રીએ શૌર્ય સાહસિક કાર્યક્રમ

નખત્રાણા મધ્યે તરુણ - ૧૦, બાલ - ૫ એમ કુલ ૧૫ વ્યક્તિઓ દ્વારા નીચે મુજબના કાર્યક્રમ કરવામાં આવેલ.

પ્રથમ: નખત્રાણા ગામના સુરાબાપા ડુંગરે પર્વતારોહણ કરી દર્શન કરી રમતોનું આયોજન (૯:૦૦ થી ૧૦:૩૦) રાત્રિ

દ્વિતીય : નખત્રાણા ની કે. વી. ઉચતર માધ્યમિક શાળા નજદીક આવેલ પૌરાણિક સમાધિઓ તથા હિંદુ દફન સ્થળ પર ચારના સમૂહમાં એકલા જઈ સેલ્ફી અથવા ફોટો લઈ પાછા આવવાનું



સાહસિક કાર્ય. (૧૦:૩૦ થી ૧૧:૩૦) રાત્રિ

તૃતીય : નખત્રાણા હિંદુ સ્મશાનમાં જ્યોત પ્રજ્વલિત કરી, નાસ્તો અને ફટાકડાની મોજ કરી અંતે હનુમાન ચાલીસાનો પાઠ કરી પોતાના ઘરે પરત રવાના. (૧૧:૩૦ થી ૧૨:૩૦) રાત્રિ

આપણા યુવાનો જે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા છે તેમના દ્વારા કાળીચૌદસની રાત્રિએ કરેલ સાહસિક કાર્યક્રમ.

દિનેશ ડાયાણી, નખત્રાણા

નવુ વર્ષ : ઘરના માળિયાથી ભીતરના તળિયા સુધી

હરિકૃષ્ણ શાસ્ત્રી

વર્ષો થયાં એ જ ચીજો શરદપૂનમથી એકાદશીના વચલા દિવસોમાં માળિયામાંથી નીચે ઊતરે છે, ધૂળના રજકણ ખંખેરાય છે, પાણીનાં પોતાં ફરી વળે છે, આખા વર્ષમાં (સોરી, આટલાં વર્ષોમાં) જેની જરા પણ જરૂર નથી પડી, તે ચીજો "ટૂંક સમયમાં જ કામ લાગવાની છે," એવા પરમ પ્રેમભાવ સાથે, મૂર્તિનું સ્થાપન થતું હોય, તેવી નજાકતથી એ ફરીથી માળિયામાં ગોઠવી દેવામાં આવે છે...

અને સોશિયલ મીડિયામાં માળિયે ચડેલા બે-ચાર પતિઓના ઝાડુ સાથેના ફોટા બે-ચાર નાની મોટી કોમેન્ટ સાથે વાયરલ થતા રહે છે. મજાનું પર્વ છે દિવાળી...

ઘરનું ઘર સાફ કરવાનું તેમાં વળી શરમ શેની ? ને નાનપ શેની ? પણ એ વિચાર તો આવ્યા વિના રહેતો નથી, કે સફાઈ દિવાળીનો ગુણધર્મ છે કે, સફાઈ જેવા ગુણધર્મને દિવાળીએ યાદ કરવામાં આવે છે?

કકળાટ કાઢવાનું ફાઈનલ ક્લીન્ઝિંગ કાળીચૌદશે પૂરું થાય, ત્યારે માટલાં-સાવરણાની વચ્ચે દહીં-મસાલાના રગેડા તાણતા વડાઓ ચાર રસ્તે મનોપોલીની જેમ વરતાય છે.

એ જોઈને નવાઈ તો લાગે જ છે, સાથે પ્રશ્ન પણ થાય છે કે આપણે શેનું ક્લીનીંગ કરતા હતા? નકામી વસ્તુઓ બહાર કાઢવાનું? કે પછી વર્ષોથી નકામી થઈ ગયેલી ચીજો સાફ કરીને માળિયામાં ફરીથી સ્થાપવાનું? કે પછી નવા સંકલ્પોથી જૂના વિચારો, કે જૂની આદતો, કે જૂના પૂર્વગ્રહો કે જૂની દુશ્મની કે કરમાઈ ગયેલા સંબંધો ખંખેરવાનું ક્લીનીંગ કરી રહ્યા હતા?

૨૭ માળમાં ફેલાયેલું અંબાણીનું ઘર તો છે જ, તોય એમણે દુબઈમાં ૧૧૦૦ કરોડનું બીજું ઘર લીધું! ને હજુ ત્રીજું ન્યુયોર્કમાં લેવાની પેરવી ચાલી રહી છે!

ને વળી પેલા ડાન્સિંગ સ્ટાર સ્વ. માઈકલ જેક્સનના ઘરમાં ૬૦૦ ઓરડાઓ હતા...એટલે કે ૬૦૦ ઓરડાના ઘરમાં માઈકલભાઈ રહેતા હતા... કદાચ આવા ઘરોમાં કચરા-પોતા કે સાવરણા- સાવરણીઓ માટે તે લોકો ૧૮ બાય ૪૦ના બે ચાર ગોડાઉન જરૂર રાખતા હશે!!

વિચારવા જેવી વાત તો એ છે કે વાળની સફાઈમાં ટુથપેસ્ટ નથી ચાલતી, ને દાંતની સફાઈમાં ફિનાઈલ નથી ઘસાતું ! હાર્પિક ચાલે, ત્યાં શેમ્પુ નથી ચાલતું અને શેમ્પૂ ચાલે ત્યાં એસિડ નથી ચાલતું. ગાભા ચાલે ત્યાં સાવરણા નથી ચાલતા અને બ્રશ જોઈએ, ત્યાં વેક્યુમ ક્લીનર માર ખાઈ જાય છે!!

જેવી અને જેટલી સફાઈ, તેવાં અને તેટલાં સાધન.

તમને ખબર ન હોય તો એક સમાચાર આપી દેવાના કે બી.બી.સી.માં લખનાર કોઈ અશોક પાંડે નામે "લેખકે" સફાઈની પરંપરાની વિરુદ્ધમાં અને મહિલાઓને વ્હાલા થવા માટે જ કદાચ એક લેખ ઢસડી માર્યો છે, કે સફાઈને કારણે દિવાળીમાં ભારતની મહિલાઓની મુસીબતમાં વધારો થાય છે... જો કે એ ભાઈએ પોતાનાં મમ્મીને વર્ષો સુધી ઘરની સફાઈ આદર્યા પછી કઈ મુસીબત પડી તેની કોઈ ઓથેન્ટિક વાત લખી નથી. બસ, પહેલાં ભારતની પૂજા વિધિઓ માટે દેકારો કરવામાં આવતો હતો હવે સફાઈ જેવી પરંપરા માટે પણ દેકારો કરવામાં આવે છે!!

કદાચ આ મહાનુભાવે એ અનુભવ જ નહીં કર્યો હોય? કે ઘરની ખૂણા-ખૂણાની સફાઈ પછી ઘર, કબાટ, ખાનાં, પંખા, ટ્યુબલાઈટ, માળિયાં સહિત ઘરના એક એક ખૂણાઓ એટલા તો હળવા થઈ ગયા હોય છે, કે એમ લાગે કે જાણે કબૂતરનું પીછું બનીને હમણાં હવામાં ઊડવા લાગીશું...

પણ થોડી વાત ભીતરના "ભાર"ની પણ છે. બા-દાદાને પૂછશો તો જણાવશે ય ખરા કે આઠમ-નોમથી દિવાળીની અમાસ-નવું વર્ષના દિવસો પ્રમાણમાં એવા "ભારે" હોય છે, કે ત્યારે કંકાસ, ઝઘડા, દુર્ઘટનાઓ કે અકસ્માત વગર બોલાવ્યે ટપકી પડતા હોય !!

એટલે જ તો મોટાભાગના લોકો નવા વર્ષના પ્રભાતે સાત્ત્વિક સંકલ્પોનું ઝાડુ ભીતરનાં તળિયાં પર ફેરવી ફેરવીને એટલું નક્કી કરે જ છે કે બસ, આ વર્ષે જીવતરને આટલી ડિગ્રી તો વળાંક આપી જ દેવો છે...

અનુભવ તો એમ કહે છે કે જ્યાં ભીતરનાં તળિયાં ચોખ્ખાં નથી, ત્યાં વર્ષમાં ગમે ત્યારે આફત ત્રાટકે છે. ભલેને નવા વર્ષના કેલેન્ડરમાં તમારા ભવિષ્યના નામે શુભ, લાભ કે અમૃત જ લખ્યા હોય!

કારણ એટલું જ કે બધી સફાઈ પછી બે સફાઈ કોઈકને કોઈક કારણસર રહી જાય છે.

એક છે: મોબાઈલની સફાઈ, અને બીજી છે: ભીતરના તળિયાની સફાઈ!

૨૯ વર્ષના એક અપરિણીત યુવાને મોબાઈલમાં અનેક ગેમ્સ અને ડેટિંગ એપ્સનો ખડકલો કર્યો હતો. છેવટે તે બ્લેક મેઈલરોની એવી જાળમાં ફસાયો, કે એક મહિનામાં સત્તર લાખ પાંસઠ હજાર રૂપિયા ચૂકવ્યા પછી પણ ગળે ફાંસો ખાવા તૈયાર થયો હતો! ભલું થજો નવા વર્ષના દીવડા જેવા તેના એક મિત્રનું, કે તેણે પોલીસ સ્ટેશનનો રસ્તો બતાવ્યો, અને આ ભાઈ તે દિવસ પછી આખા મોબાઈલને ચોખ્ખો ચણાક રાખવાની વિદ્યા શીખી ગયા...

ભીતરના તળિયા સ્વચ્છ રાખવાની વાત જરા સંતની પ્રેરણા, દૈવી શક્તિ કે જાત સાથેની પ્રતિબદ્ધતા જેવાં સફાઈનાં સાધનો માંગે છે.

ધરમપુર પાસે નાની વહીયાળ ગામ છે. અહીં મંડપ ડેકોરેટર્સમાં કામ કરતા મજૂર રસિક મોહીડાની આ વાત છે. ૧૮ વર્ષથી આ જ મજૂરી કરનાર આ આદિવાસી યુવાનને વાપીના માનવ-કલ્યાણ વિસ્તારમાં એક લગ્ન બાદ મંડપ છોડવાની મજૂરીનું કામ મળેલું. રાતે બાર સુધી મજૂરી કામ ચાલ્યું. તેણે જોયું કે મંડપના એક ખૂણામાં મોટી થેલી પડેલી છે. બધું જ વાઈન્ડ અપ થઈ ગયું, ત્યારે પણ આ થેલી યથાવત પડી હતી. તેણે ખોલીને જોયું. બે નાની બેગમાં સોનાનાં ઘરેણાં, કિંમતી સાડીઓ અને રોકડા રૂપિયા ઊભરાઈ રહ્યા હતાં. મનને જરા પણ લાલચમાં લાવ્યા વિના તેણે થેલી શાંતિથી સંતાડી. તેને ખાતરી હતી કે જેની હશે, તે શોધતા આવ્યા વિના રહેવાના નથી. આખી રાત રસિકભાઈ તે જ સ્થાન પર સૂઈ રહ્યા, અને તેમનું અનુમાન સાચું પડ્યું. વસ્તુઓના માલિકો હાંફળા ફાંફળા સવાર સવારમાં દોડી આવ્યા. થેલી શોધતા રહ્યા. ત્યાં રસિકભાઈએ સામેથી આવીને વિગત પૂછી. અને આખી થેલી યથાવત પરત આપી. માલિકોના હૈયેથી જે હાશકારો નીકળ્યો, તે જોઈ રસિકની આંખો પણ ભીની થઈ. સૌએ શાબાશીના રૂપિયા આપવા હાથ લંબાવ્યા, ત્યારે રસિકભાઈએ હસીને કહેલું: લેવું જ હોત, તો આ બધું જ ન લઈ જાત? પણ મજૂરી કામના રૂપિયા ૧૦૦ મળવાના છે, તેનાથી મારા ઘરની જરૂરત પૂરી થઈ જશે.. કાલની વાત કાલે! કારણ કે પ્રમુખ સ્વામી મહારાજે અમારા ગામમાં આવીને અમને સુધાર્યા, ત્યારે જ કહેલું કે સત્સંગી થાવ છો, તો પાકા થજો... ત્યારથી પારકા પૈસે સુખ માન્યું નથી!!

મિત્રો, ઘરની સફાઈ પછી તેલના દીવા આખા ઘરમાં અજવાસની મોસમ લઈને ઝળહળી ઊઠે છે, તેમ ભીતરના તળિયાંની સફાઈ પછી સદ્ગુણોના દીવા આખા જીવનમાં પ્રસન્નતાની મોસમ લઈને ઝળહળી ઊઠે છે...

ચાલો, ઘરના માળીએથી ઊતરીએ, ને ભીતરના તળિયે પહોંચીએ... કદાચ નવા વર્ષની આપણી બધી જ સવાર અને બધી જ સાંજ બ્રહ્મના આનંદથી છલકવા લાગે!!

આવનારા નવા સંવત્સરે સૌને હાર્દિક નૂતન વર્ષાભિનંદન!!

Change your Water Change your Life
Enagic INDEPENDENT DISTRIBUTOR
Kangen Water
વિશ્વનું બેસ્ટ હેલ્થી
વોટર
શું તમે પીવો છો?
કેંગન લાઇવ વોટર
ચમત્કારી પાણી
શું તમે તમારા પરિવારને નીચેની બીમારીઓથી દૂર રાખવા માગો છો
ગેસ
એસીડીટી
કબજીયાત
બી.પી.
ડાયાબીટીસ
માઈગ્રેન
કેન્સર
હાડકા ની નબળાઈ
મોતીયો
થાક લાગવો
દાદર
ખરજવું
મેગ્નેશીયમ
સોયાસીરપ
સાંધાનાં દુખાવા
કીડની
પથરી
હાઈ કોલેસ્ટ્રોલ
થાઇરોઇડ
લીવર
એલર્જી
વાળ ખરવા
ખીલ
વજન ઘટાડવામાં
B 12 ની ઉણપ
તમારા ઘરના પાણીમાં ચેક કરાવવા તથા લાઇવ ડેમો જોવા માટે સંપર્ક કરો.
ડિસ્ટ્રીબ્યુટરશીપ માટે સંપર્ક કરો
Advance Japanese